(તસવીર : દિપક જાની)

ગુજરાતની સુપ્રસિધ્ધ શિક્ષણ સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી તથા ગાંધીનગરના પ્રમુખ અને પદ્મશ્રી ડૉ. ભોળાભાઈ એસ. પટેલની શ્રદ્ધાંજલિ- પ્રાર્થનાસભાનું આયોજન બ્રહ્માણી મેમોરીયલ હોલમાં બપોરે ૪.૦૦ કલાકે રાખવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, મંડળના મંત્રીશ્રી મનુભાઈ પટેલ, ડૉ. રામભાઈ પટેલ, ડૉ. ડી.ટી. કાપડીયા, ડૉ. મણિભાઈ પ્રજાપતિ, ડૉ. સોમભાઈ પટેલ, મોહનભાઈ પટેલ વગેરે સહિત સંસ્થાના હોદ્દેદારો, સંસ્થા સાથે જોડાયેલા તમામ શિક્ષકો, પ્રાધ્યપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વ. ભોળાભાઈના પુત્ર મધુભાઈ બી. પટેલ કુટુંબીજનો સાથે હાજર રહ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંકુલના તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન

ગાંધીનગર, તા.૭

સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત ચાર માધ્યમિક શાળાઓના તેજસ્વી વિદ્યાર્થીઓ જેઓ ધોરણ ૧૦માં ગુજરાત રાજ્ય બોર્ડ પરીક્ષામાં ૯૧ ટકાથી વધુ માર્કસ મેળવીને ઉર્તીણ થયેલ છે. તેવા ૬૬ જેટલા તેજસ્વી તારલાઓનો અભિવાદન કાર્યક્રમ બ્રહ્માણી મેમોરીયલ હોલમાં યોજાઈ ગયો.

સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. સાથે ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે કેમ્પસ નિયામકશ્રી ડૉ. સોમભાઈ પટેલ, આચાર્યશ્રી બચુભાઈ પટેલ, આચાર્યશ્રી વિનુભાઈ પટેલ, આચાર્યશ્રી સુધાબેન પટેલ, આચાર્યશ્રી પ્રકાશભાઈ પટેલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના એજ્યુકેશન ફેકલ્ટીના ડીન ડૉ. વીણાબેન પટેલ, પૂર્વ આચાર્ય શ્રીમતી કૌશલ્યાબેન પરીખ સહિત શિક્ષકગણ અને વાલીઓએ હાજરી આપી હતી.

સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈએ આર્શીવચનમાં જણાવ્યું હતું કે, આ સંસ્થા કુટુંબ ભાવનાવાળી છે તેમાં વિદ્યાર્થી, વાલીઓ, શિક્ષકો અને સંચાલક મંડળ વિશાળ કુટુંબ છે. વિષયજ્ઞાનની સજ્જતાની સાથે સાથે સંસ્કાર ઘડતર આપતી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને કદી ન ભૂલતી એવી આ સંસ્થા છે. શ્રેષ્ઠ શાળામાં કઈ શાળા શ્રેષ્ઠ એની સમજણ આપતાં જણાવ્યું હતું કે, જે શાળામાં ભણીને વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં આવે તે શાળા વિદ્યાર્થી માટે શ્રેષ્ઠ શાળા છે.

ચેરમેનશ્રી વલ્લભભાઈએ ગ્રેડ એ-૧માં ઉત્તીણ થનાર ૬૬ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓને ગુલાબ, મિઠાઈ અને રોકડ પુરસ્કાર અપર્ણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ફરજીયાત શિક્ષણનાં અધિકાર-અધિનિયમના અમલ માટે કેન્દ્ર સરકારનો પૂરતો સહકાર મળતો નથી : રમણલાલ વોરા

ગાંધીનગર, તા. ૭

શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે, આર.ટી.ઈ. અધિનિયમની જોગવાઈઓનો સમયબદ્ધ અમલ કરવા સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત અગ્રસ્થાને છે. પરંતુ ગુજરાત માટે મંજૂર કરવામાં આવેલ અનુદાનની સમયસર ફાળવણી પણ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતી નથી. કેન્દ્ર સરકારના આવા અસહકારભર્યા વલણને કારણે રાજ્ય સરકાર પોતાના અંદાજપત્રમાંથી જ ખર્ચ કરીને RTE અધિનિયમમાં જણાવેલ જોગવાઈઓનું પાલન કરી રહી છે. રાજ્ય શિક્ષણ મંત્રીશ્રીઓની કોન્ફરન્સમાં ગુજરાતને અન્ય રાજ્યોની સરખામણીમાં કેન્દ્ર સરકાર શૈક્ષણિક લાભોથી વંચિત રાખે છે તેવો સ્પષ્ટ આક્ષેપ કરતા મંત્રીશ્રી વોરાએ કહ્યું કે, સર્વ શિક્ષા અભિયાનના ધોરણો પ્રમાણે શિક્ષકોના પગારને આ યોજનામાં સમાવિષ્ટ કરવાની પરવાનગી આપે છે જે તો શિક્ષકોને નવી શાળામાં નિમણુંક કરવામાં આવી હોય છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૧-૦૨ થી શરૂ કરીને વર્ષ ૨૦૦૯-૧૦ની વચ્ચે નિમણુંક પામેલા શિક્ષકોને રૂ. ૧૬૧૪૬ કરોડનો ખર્ચ પગાર માટે કર્યો છે, તેમને સમાવિષ્ટ કરવાની મંજૂરી આપવામાં આવી નથી.

મંત્રીશ્રીએ માંગણી કરી હતી કે, રાજ્ય સરકારનાં બધા જ અથવા ઓછામાં ઓછા તા. ૩૧-૩-૨૦૧૦ સુધીમાં નિમણુંક પામેલા શિક્ષકોને એસ.એસ.એ. મા સામેલ કરવા જોઈએ અને આ શિક્ષકોના પગાર પેટે ખર્ચાયેલ રૂ. ૧૬૧૪૬ કરોડની રકમ ભરપાઈ કરવી જોઈએ.

ગુજરાત પોતાના ભંડોળમાંથી પ્રાથમિક શાળાના બાળકોને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો પુરા પાડે છે તેનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રીએ કહ્યું કે, ભારત સરકારે આ ખર્ચ એસ.એસ.એ. યોજના અંતર્ગત સમાવવો જોઈએ. નવી શાળાઓ અને વર્ગખંડોના બાંધકામમાં એસ.એસ.એ. ધોરણઓ મુજબ ૩૦ ટકા કરતા વધુ રકમ નિર્માણ કાર્ય પાછળ મળતી નથી. પરિણામે રાજ્ય સરકારે પોતાના ભંડોળનો એક મોટો હિસ્સો નવી શાળાઓ-વર્ગખંડોના નિર્માણ માટે કરવો પડે છે. ગુજરાત સરકારે આ વર્ષમાં રૂ. ૩૭૫ કરોડનો ખર્ચ કર્યો હોવાનું જણાવીને શિક્ષણ મંત્રીએ કહ્યું કે, ભારત સરકારે જાળવણી સહિત નિર્માણ કાર્યોની ૧૦૦ ટકા જરૂરીયાતને સામેલ કરવા સંમત થવું જોઈએ અને ૩૦ ટકાની મર્યાદા દૂર કરવી જોઈએ.

ઉઘડતે પડદે

- પ્રા. દક્ષા ભાવસાર

‘અંધેરી નગરી’નું ઉજળું મંચન

ગુજરાતી રંગભૂમિ માટે કે ગુજરાતીઓ માટે શ્રી નિમેષ દેસાઈનું નામ અપરિચિત નથી. તાજેતરમાં સિટી પલ્સ ઓપન એર થિયેટરમાં કોરસ સંસ્થા દ્વારા ડૉ. ચિનુ મોદી લિખિત અને શ્રી નિમેષ દેસાઈ દિગ્દર્શિત અંધેરી નગરી નામે બે અંકના નાટકનું સફળતાપૂર્વક મંચન થયું.

આમ તો અંધેરી નગરી ને ચોપટ રાજા પરિચિત કથાનક છે. કવિશ્રી દલપતરામે પણ એના વિષે સુંદર કાવ્ય કરેલું છે. આવા ખ્યાત કથાનકને લઈને ડૉ. ચિનુ મોદીએ અંધેરી નગરી નામે બે અંકના નાટકની રચના કરેલ. જેનું ખ્યાત કથાનક અને પદ્ય અને ગદ્ય શ્રી નિમેષ દેસાઈને આકર્ષી ગયેલ. તેથી ‘કોરસ’ના ઉપક્રમે આ નાટકનું મંચન શક્ય બન્યું.

ન્યાય માટે તત્પર એવો એક મૂર્ખ ચોપટ રાજા, જેની અંધેરી નગરીમાં ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા મળતા હોય ત્યાં એક ગુરુ અને બે શિષ્ય આવી ચડે છે. નગરીમાં ચાલતા અંધેરની જાણ થતાં જ્ઞાની ગુરુ અને એમનો એક સમજદાર શિષ્ય નગર છોડી જતા રહે છે પણ બીજો શિષ્ય લોભી અને લાલચુ ઉપરાંત ખાવાનો શોખીન હોઈ આવી સ્વર્ગ સમી નગરીને ગુરુના લાખ સમજાવ્યા છતાં છોડવા તૈયાર થતો નથી અને ત્યાં જ આશ્રમ બનાવી રહે છે ને લ્હેર કરે છે. બીજી બાજુ વાણિયાના ઘરની ભીંત પડી જતાં ત્યાં ખાતર પાડનારા ચાર ચોર દટાઈ મરે છે તેથી તેમની માતા ચોપટ રાજા પાસે ન્યાય માંગવા આવે છે. અને પછી તો આપણે સૌ જાણીએ છીએ એમ વાણિયો, કડિયો, મજૂર, પખાલી, મોચી, ભરવાડ વિગેરે ઉપર આળ આવે છે. એમ કરતાં પેલા ગુરુનો શિષ્ય ફસાઈ જાય છે અને રાજા નિર્ણય લે છે કે એને જ ફાંસીએ ચડાવો કારણ કે ફાંસી આપનાર કહે છે કે પોતાના ફાંસીના ફંદામાં કોઈ પાતળો નહીં પણ તગડો માણસ જ આવી શકે તેથી પેલા બધાને મૂકીને રાજા તો આ ખાઈ પી ને તગડા થયેલા શિષ્યને પકડીને ફાંસીએ ચડાવવાનો આદેશ આપે છે. ત્યાં તો પેલા જ્ઞાની ગુરુ ફરતાં ફરતાં આવી ચડે છે ને શિષ્ય પ્રાયશ્ચિત કરી ગુરુનું શરણું લે છે ત્યારે ગુરુ પોતાની યુક્તિથી મૂર્ખ ચોપટ રાજાને એવા સમજાવે છે કે ચોપટ રાજા પોતે જ ફાંસીએ ચડી જાય છે અને અંધેરી નગરી મૂર્ખ રાજાથી મુક્ત બને છે.

આ ખ્યાત કથાનકનો તત્કાલીન સમયમાં ચાલતા ભ્રષ્ટાચાર, અન્યાય અને તુમાખીભર્યા સરકારી વહીટવ ને તેનાથી ત્રસ્ત પ્રજાની સમસ્યાઓને સચોટતાથી વણી લેવામાં સિદ્ધહસ્ત નાટ્યકાર ચિનુ મોદી પૂરેપૂરા સફળ રહ્યા છે. હાસ્ય મિશ્રિત દંશ રહિત વ્યંગ્ય આ નાટકનું નોંધપાત્ર પાસું છે.

નાટકનું સુંદર દિગ્દર્શન અને નવોદિત કલાકારોનો દર્શનીય અભિનય, આકર્ષક રંગબેરંગી વેશભૂષા અને શ્રી નિમેષ દેસાઈના બેહદ સૂરીલા કંઠે સતત ગવાતું પદ્ય નાટકમાં જાન રેડી દે છે. નાટકના ઉપાડથી લઈ નાટકના અંત સુધી હાસ્ય રસની છોળો ઊડતી રહે છે અને પ્રેક્ષક પણ એમાં એવો પરોવાય છે કે નિમેષભાઈની સાથે કોરસ ગાતા કલાકારો સાથે સહજપણે ગાયનમાં જોડાય છે જેમાંથી બાળકો પણ વંચિત ન હતા.

‘કોરસ’નું નિમેષ દેસાઈના દિગ્દર્શનમાં ૩૬ વર્ષમાં આ ૯૬મું નાટક છે. જેનો પ્રથમ પ્રયોગ સિટી પલ્સ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટ, ગાંધીનગરના ઉપક્રમે સિટી પલ્સના ઓપન ઍર થિયેટરમાં થયો.

કલાકાર શૌનક વ્યાસ શિષ્યની ભૂમિકામાં જાન રેડી ગયા. અને કલાકારોએ પણ પોતપોતાની ભૂમિકાને બખૂબી ન્યાય આપ્યો. આ સૌ નવોદિત કલાકારોની રંગભૂમિ માટેની નિસ્બત કાબિલે દાદ છે. નિમેષભાઈના કહેવા મુજબ જો સુજ્ઞ પ્રેક્ષકો સક્રિય થશે અને રહેશે તો જ આ વૈકલ્પિક રંગભૂમિ ધબકતી રહેશે.

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું ૮૨.૧૨ ટકા પરિણામ



ગાંધીનગર, તા. ૭

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેકટર-૭નું ધોરણ-૧૦નું ૨૦૧૨ નું પરિણામ ગૌરવવાળું તથા ઉત્કૃષ્ટ રહેલ છે. શાળાનું પરિણામ ૮૨.૧૨ ટકા આવ્યું છે. જેમાં કર્મનિષ્ઠ શિક્ષકો કર્તવ્ય, કર્તવ્ય પરાયણ, આચાર્યાશ્રી સંતોકબેન ચૌધરીનો સિંહફાળો છે.

પ્રથમ નંબરે જાસપુરિયા ગ્રીષ્મા હિમાંશુભાઈ ૫૦૦/૪૫૭ માર્કસ ૯૧.૪ ટકા, દ્વિતીય નંબર મહેતા ધેનુ શૈલેષભાઈ ૫૦૦/૪૫૫ માર્કસ ૯૧ ટકા, તૃતીય નંબર ચૌધરી જયા લાલજીભાઈ ૫૦૦ માંથી ૪૪૫ માર્કસ સાથે ૮૯ ટકા મેળવેલ છે. શાળા પરિવાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવે છે.

પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ



પ્રેરણા વિદ્યાલયનું ધો-૧૦ નું પરિણામ ૭૫ ટકા આવેલ છે. જેમાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર તેજસ્વી તારલાઓના પરિણામ - (૧) પંડ્યા નીરવ રાજેશકુમાર - ૯૮.૨૮ રેન્ક ૮૪ ટકા. (૨) અમીન અનુપભાઈ પ્રવિણભાઈ - ૯૩.૯૧ રેન્ક ૮૨.૪ ટકા. (૩) ભક્તાણી પવનકુમાર જગદીશકુમાર - ૯૩.૭૪ રેન્ક ૮૨.૨ ટકા.

છેડાલ પરગણાના વણકર સમાજના ધો-૧૦-૧૨ ના વિદ્યાર્થીઓનું સન્માન યોજાશે

માનવ કલ્યાણ સેવા સંઘ દ્વારા ૨૦૧૨ની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં છેડાલ પરગણાના વણકર સમાજના વિદ્યાર્થીઓ જેઓ ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેઓનું સન્માન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તે માટે નિયત નમૂનાનું ફૉર્મ મેળવીને તા. ૧૫ મી જૂન સુધીમાં અરજી કરવાની રહેશે.

આજથી સિટી પલ્સ ખાતે સાહિત્યોત્સવ

ત્રિદિવસીય સાહિત્યોત્સવમાં ફિલ્મ સર્જક ગોવિંદ નિહલાની અને ગાયિકા શુભા મુદ્‌ગલ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના પાદરે સ્થિત સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટ ખાતે તા. ૮થી ત્રણ દિવસના સાહિત્યોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે, જેમાં સાહિત્યકારો, ફિલ્મ સર્જકો સાથે સંવાદ અને ફિલ્મોના પ્રદર્શન તેમજ ગીત-સંગીતના કાર્યક્રમોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

‘સાહિત્ય પર સિનેમા’ વિષયે આયોજિત આ સાહિત્યોત્સવનું ઉદ્‌ઘાટન સવારે ૧૦.૩૦ કલાકે યોજવામાં આવ્યું છે. આ સત્રનું સંચાલન ડૉ. ઉર્મિલા શિરીષ દ્વારા કરવામાં આવશે તથા સ્વાગત વક્તવ્ય અને પ્રસ્તાવના વિજય રંચન દ્વારા રજૂ કરવામાં આવશે. રઘુવીર ચૌધરી, ગોવિંદ મિશ્ર, શીન કાફ નિઝામ તથા ગોવિંદ નિહલાની આ પ્રસંગે પોતાનાં વક્તવ્યો આપશે.

આ જ સત્રમાં સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટ દ્વારા તૈયાર કરવામાં આવેલા ઈ-પુસ્તકનું વિમોચન પણ ગોવિંદ નિહલાનીના હસ્તે કરવામાં આવશે.

બીજા સત્રનો આરંભ બપોરે ૧૨ કલાકે કરવામાં આવશે, જેનો વિષય છે : સાહિત્ય સિનેમા અને સંપ્રેષણ. ડૉ. પ્રણવ ભારતી આ સત્રનું સંચાલન કરશે અને કિશોર વાસવાની તથા અરૂણકુમાર નિગમ પોતાનાં વક્તવ્યો આપશે.

ત્રીજું સત્ર બપોરે ૨.૧૫ કલાકે આરંભાશે, જેનું સંચાલન રઘુવીર ચૌધરી દ્વારા કરવામાં આવશે અને પ્રિયંવદ, સૌમ્ય જોષી તથા યજ્ઞેશ દવે પોતાની સાહિત્ય રચનાઓનું પઠન કરશે.

ચોથું સત્ર સાંજે ૪.૪૫ કલાકે યોજાશે, જેમાં ‘તમસ,’ ‘હજાર ચૌરાસી કી મા’ અને ‘પાર્ટી’ જેવી ખ્યાત ફિલ્મો સંદર્ભે ફિલ્મ સર્જક ગોવિંદ નિહલાની સાથે અનવર જમાલનો સંવાદ યોજાશે.

રાત્રે ૮ વાગે સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત શુભા મુદ્‌ગલ દ્વારા ગાયન પ્રસ્તુત કરવામાં આવશે.

સાહિત્યોત્સવના બીજા દિવસે શનિવારે પ્રથમ સત્ર - વિમર્શનું સંચાલન અઝીઝ પરિહાર દ્વારા કરવામાં આવશે અને અજય તોમર તથા દૃષ્ટિ પટેલ પોતાનાં વક્તવ્યો આપશે.

બીજા સત્રમાં મંટોની વાર્તા પર આધારિત અને અજય કન્નૌજિયા નિર્દેશિત લઘુ ફિલ્મ ‘ટોબા ટેક સિંઘ’ની પ્રસ્તુતિ કરવામાં આવશે. આ સત્રના સંચાલક અજય તોમર રહેશે અને વારિસ હુસૈન અલવી પોતાનું વક્તવ્ય આપશે. મિહિર પંડ્યા લિખિત અને અરૂણ મહેશ્વરી દ્વારા પ્રકાશિત પુસ્તક ‘શહર ઔર સિનેમા : વાયા દિલ્લી’નું વિમોચન પણ જયંતિ રવિની અધ્યક્ષતામાં કરવામાં આવશે.

ત્રીજા સત્રમાં શીન કાફ નિઝામના સંચાલનમાં ડૉ. ઉર્મિલા શિરીષ અને ચંદ્રકાંત ટોપીવાલા પોતાની સાહિત્યિક રચનાઓનું પઠન કરશે.

ચોથા સત્રમાં વિજય રંચન ‘હિન્દી સાહિત્ય કા સિનેમાકરણ’ વિષયે પ્રવચન આપશે.

રાત્રે ૮ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત અશ્વત્થ ભટ્ટ નિર્દેશિત અને અભિનીત નાટક ‘એક મુલાકાત મંટો સે’ પ્રસ્તુત કરવામાં આવશે.

સાહિત્યોત્સવના ત્રીજા દિવસે રવિવારે પ્રથમ સત્રમાં શફી કિડવાઈના સંચાલનમાં વિમર્શ અંતર્ગત પ્રિયંવદ અને અમૃત ગાંગરનાં પ્રવચનો યોજાશે.

બીજા સત્રમાં ડૉ. રીટા કોઠારીના સંચાલનમાં ‘સાહિત્ય ઔર સિનેમા’ વિષયે અશોક દવે અને ‘હિન્દી કવિતા ઔર સિનેમા’ વિષયે હર્ષ પટેલ પોતાનું વક્તવ્ય આપશે.

ત્રીજા સત્રમાં ગોવિંદ મિશ્રના સંચાલનમાં સંદીપ જોષી, સૂર્યકાંત નાગર અને પરેશ નાયક પોતાની સાહિત્ય રચનાઓનું પઠન કરશે.

ચોથા સત્રમાં ઉર્દૂ અદબ અને હિન્દી સિનેમા વિષયે બિન્દુ ભટ્ટના સંચાલનમાં રિઝવાનુલ હક પોતાનું વક્તવ્ય આપશે.

સાહિત્યોત્સવનો સમાપન સમારોહ સાંજે ૫.૪૫ કલાકે યોજાશે, જેમાં દિલ્લી દૂરદર્શન કેન્દ્રના મહાનિર્દેશક ત્રિપુરારી શરણ ઉપસ્થિત રહેશે.

રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત શીન કાફ નિઝામ અને સાથીઓ દ્વારા મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાહિત્યોત્સવ રસ ધરાવતા સૌ કોઈ માટે ખુલ્લો છે, સૌ રસિકોને તેનો લાભ લેવા સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન ઈન્સ્ટીટ્યુટ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બુડ્રેટી નાટ્ય લેખન માટે લેખકોએ કૃતિઓ મોકલવા જોગ

ગાંધીનગર, તા. ૭

બુડ્રેટી નાટ્યલેખન યોજના-૭ માટે લેખકોએ પોતાની કૃતિઓ સુવાચ્ય અક્ષરે કે કૉમ્પ્યુટર પ્રિન્ટ આઉટથી તા. ૩૦મી જૂન સુધીમાં મોકલવી. ઈ-ઈમેલ કે સીડી સ્વીકારશે નહિ. પાસપોર્ટ ફોટોગ્રાફ સાથે બે પ્રતમાં બુડ્રેટી - થિયેટર મીડીયા સેન્ટર, જી.એસ.ટી. ચેનપુર રોડ, ન્યુ રાણીપ, અમદાવાદ-૩૮૪૭૦ ખાતે ફક્ત ટપાલથી મોકલવી.

તક્ષશિલા માધ્યમિક વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૧ ૩માં આવેલી તક્ષશિલા માધ્યમિક વિદ્યાલયમાં વર્ષ ૨૦૧૧-૧૨ માં ધો-૧૦માં અભ્યાસ કરતા કિશનસિંહ ચૌહાણે તાજેતરમાં બોર્ડની પરીક્ષામાં ૫૭.૬૧ ટકા પ્રાપ્ત કરીને શાળામાં પ્રથમ નંબર મેળવ્યો છે. શાળાના ધોરણ-૧૦ના કુલ ૩૧ વિદ્યાર્થીઓમાંથી ૧૨ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. શાળાનું કુલ પરિણામ ૩૮.૩૧ ટકા જેટલું થાય છે. પાસ થયેલા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

મનુષ્યને માટે ‘પ્રેય અને શ્રેય’ એવા બે માર્ગો છે

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ

શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેતઃ તૌ સમ્પરીત્ય વિવિનક્તિ ધીરઃ

શ્રેયો હિ ધીરોઽભિપ્રેયસો વૃણીતે, પ્રેયો મન્દો યોગક્ષેમાદ વૃણીતે

મનુષ્યને માટે ‘પ્રેય અને શ્રેય’ એવા બે માર્ગો છે. જ્ઞાની વ્યક્તિ પ્રેયને ત્યજી શ્રેયનો માર્ગ અપનાવે છે. જ્યારે અજ્ઞાની માનવી મોહ તથા આસક્તિને લઈને પ્રેયનો માર્ગ પસંદ કરે છે. કઠ ઉપનિષદના બીજા પ્રકરણનો આ પ્રારંભનો શ્લોક છે. મૃત્યુ પછી જીવની શી ગતિ થાય છે તેવો પ્રશ્ન નચિકેતા યમરાજાને પૂછે છે. આ જ્ઞાન આપવાને બદલે યમ તેને ઘણી લોભામણી લાલચો આપે છે. પણ અંતે નચિકેતાનો જ્ઞાન પ્રાપ્તિ માટેનો દૃઢ આગ્રહ જોઈ યમરાજા આ તમામ પ્રયત્નો પાછળ સુખ માટે પ્રબળ અભિલાષા હોયછે. સુખનો માર્ગ શોધતાં માનવી સામે સંકટો તથા સમસ્યાઓ અવારનવાર સર્જાય છે. ‘મને કઈ રીતે સુખ મળશે ?’ તેવા વિચારો તેના મનમાં વારંવાર ઊઠે છે. આંતર-બાહ્ય સંઘર્ષોમાં તેનું મન અટવાયા કરતું હોય છે. સુખ પ્રાપ્તિનો માર્ગ શોધવાના તેના સતત પ્રયત્નો પછી તેને ખ્યાલ આવે છે કે માનવી પાસે માત્ર બે જ માર્ગ છે. એક છે પ્રેયનો માર્ગ તથા બીજો છે શ્રેયનો માર્ગ. આ બંનેમાંથી કોઈપણ એક રાહ પસંદ કરી કેવું ને કેટલું સુખ મળશે તેનો તે વિચાર કરે છે. વિવિધ પ્રકારના પ્રલોભનો જ્યારે ખેંચતા હોય ત્યારે આ બંને માર્ગ અને તેના અંતિમ લક્ષ્ય અંગે વિવેક દૃષ્ટિથી વિચારવું જોઈએ. પ્રેયનો માર્ગ સાદો સરળ અને મધુર જણાય છે. પ્રેયનો માર્ગ એટલે તાત્કાલિક મનગમતું મળે તેવો માર્ગ, આભાસી સુખ વૈભવનો માર્ગ. પ્રમાદનો તથા પ્રવૃત્તિઓનો માર્ગ. આ માર્ગ મનને રૂચિકર લાગે તેવો છે. તેનતા પર ગતિ કરતાં આગળ જતાં સુખના હિલોળા અનુભવાશે તેવું લાગે છે. એકાદ સુંદર ઉપવનમાં જેમ લતાકુંજ હોય. પુષ્પવાટિકા હોય, શીતળ જળના ફુવારા હોય તેવા મનપસંદ લોભામણાં સ્થાનો આ માર્ગ પર પણ હશે તેવી ભ્રમણા થાય છે. પણ બાહ્ય રીતે લોભામણો આ માર્ગ તેનતા અંતમાં અતિ દુખદ ને વેદનામય બની જાય છે. એ અજ્ઞાનના અંધકારમાં માનવીને ભટકાવે છે. વિષયસુખની લાલસામાં માનવી દોડતો રહે છે. વ્યક્તિ ઈન્દ્રિયનો ગુલામ બની સુખ માટે ઝાંવા મારે છે. પણ શાશ્વત સુખ, શાંતિ કે સંતોષ આ માર્ગે પ્રાપ્ત થતા નથી. આ માર્ગે જનાર માનવ - જીવનના અંતિમ લાભ - મોક્ષથી વંચિત રહી જાય છે ને જન્મ-મરણના ચક્કરમાં ફસાય છે.



એવું ન ધારી લેતા કે આ માર્ગ પસંદગી અમુક ઉંમરે કે અમુક સંજોગોમાં કરવાની હોય છે. આપણા દૈનિક કાર્યમાં પણ શ્રેય અને પ્રેયના પ્રશ્નો ઊભા થતા હોય છે. દાત શિયાળામાં વહેલી સવારે ફરવા જવું એ શરીર માટે શ્રેયકર હોય છે. પણ ગોદડું ઓઢી સૂઈ રહેવું પ્રિય લાગે છે. મરી-મસાલાયુક્ત ખોરાક જીભને પ્રિય લાગે છે જ્યારે બાફેલો ખોરાક શ્રેયકર મનાય છે. આપણે દરરોજ આવી નાની વિગતોમાં પણ શ્રેય તથા પ્રેયનાં જોડકાં સાથે કામ પાડવાનું હોય છે. શ્રેયનો માર્ગ તદ્દન વિપરીત છે. પ્રેયના માર્ગ કરતાં તદ્દન સામી બાજુએ જનારો છે. શ્રેયના માર્ગમાં દૈહિક સુખને ઓછું સ્થાન છે. વિષય-ભોગના સુખને ત્યાં ક્ષુલ્લક ગણવામાં આવે છે. આ માર્ગ ઓછો ખેડાયેલો, કઠિન જણાતો, દુષ્કર ને ચઢાણવાળો માર્ગ છે. આ માર્ગ પસંદ કરનારા લોકો પણ ઓછા નીકળે છે. આ માર્ગ પર ડગ માંડનારને શરૂઆતમાં કઠિનાઈનો સામનો કરવો પડે છે. તેને દેહ તથા મન તો ક્ષણિક સુખ ઝંખતા હોય છે. તેને કાબૂમાં રાખવા સતત જાગૃતિ કેળવવી પડે છે. પણ જેમ જેમ આ માર્ગ પર આગળ વધાય તેમ તેમ આનંદનો અનુભવ થતો રહે છે. આ આનંદ શાશ્વત હોય છે. સાધકનું ચિત્ત શાંત અને શુધ્ધ બનતું જાય છે. ધીમે ધીમે તેના અંતરના દ્વારો ખૂલે છે. તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાન પ્રાપ્ત થથાં તેનાં કર્મો નાશ પામે છે. ચિત્તમાં પ્રકાશ ફેલાતાં તે અહર્નિશ આનંદમાં રહે છે.

અજ્ઞાની વ્યક્તિ જનમતથી દોરવાઈ, પોતાના અંગત આવેગોમાં ઘસડાઈ જઈ, વિવેકદૃષ્ટિ ગુમાવી, ઓછા સંઘર્ષવાળો ને સરળ લાગતો પ્રેયનો માર્ગ અપનાવે છે. પરિણામે તેનું ઈન્દ્રિયાધિન મન તેને નિમ્ન કક્ષાએ ખેંચી જાય છે. આ માર્ગ અપનાવનાર કાયમ પોતાની સંપત્તિની વાતો કરતો રહે છે. કહેવાતા બુધ્ધિશાળી માનવીઓ પણ પ્રેયનો જ માર્ગ પસંદ કરતા હોય છે.

જ્ઞાની માણસ પ્રથમ વિવેક કરી વિચારે છે. બંને માર્ગના અંતિમ ધ્યેયને તપાસે છે ને પછી શ્રેયનો માર્ગ પસંદ કરે છે. ઐહિક ગેરલાભો તે લક્ષ્યમાં નથી લેતો. એકવાર સાધના પથ પર ડગ માંડ્યા પછી તે સતત તેને વળગી રહે છે. પરિણામે જીવનના અંતિ લક્ષ્ય એવી મુક્તિ મેળવે છે. જ્ઞાની માણસ દરેક વખતે પરિસ્થિતિનું યોગ્ય અવલોકન કરી પછી જ ડગ માંડે છે. એકવાર રાહ નક્કી થાય તે પછી પાછા ફરવાનું રહેતું નથી. દૃઢ નિશ્ચયી વ્યક્તિ આમ શ્રેયના માર્ગે જ ચાલે છે.

શ્રેય અને પ્રેય માર્ગના મિલનબિન્દુ પર પરમાત્મા માર્ગદર્શન પૂરા પાડવા નથી ઊભા. વ્યક્તિએ જાતે જ પોતાનો માર્ગ પસંદ કરવાનો હોય છે. આપણને માર્ગ પસંદ કરવાની સ્વતંત્રતા આપવામાં આવે છે. આપણી પસંદગી તાત્કાલિક લાભ પુરતી સીમિત પણ હોઈ શકે અથવા તો લાંબા ગાળાના શાશ્વત લાભ માટે પણ હોઈ શકે. વ્યક્તિ કેમ વર્તે છે, કયો માર્ગ પસંદ કરે છે તે તેના મન પર આધારિત છે. આપણને મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ કરી પ્રગતિ કે અવગતિના માર્ગે જઈ શકાય છે.

યમરાજા જે વચનો નચિકેતાને કહે છે તે સૌ માટે મહત્ત્વના છે. જે લોકો જીવનના ઉચ્ચ ધ્યેયને વરેલા હોય, શાંતિ, સંતોષ તથા શાશ્વત આનંદ પ્રાપ્ત કરવાની કામનાઓ ધરાવતા હોય, તેઓ શ્રેયનો માર્ગ પસંદ કરે છે. જ્યારે જે લોકો દૈહિક આવેગોથી દોરવાઈને, લાલસામાં ને મોહમાં લપેટાઈને, ખોટી આશાના દોરે ટીંગાતા હોય તે પ્રેયનો માર્ગ પસંદ કરે છે.

બંને માર્ગો એક-બીજાથી તદ્દન અલગ છે. એક જ્ઞાનનો તો બીજો અજ્ઞાનનો, એક પ્રકાશનો તો બીજો અંધકારનો માર્ગ છે. પસંદગી આપણે કરવાની છે.

અને અંતિમ દૃષ્ટિબિન્દુમાં એક વાત યાદ રાખવાની છે. રજોગુણ ને તમોગુણ જેમ સત્ત્વગુણ પણ માનવીને બ